પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૨૯૨, કુલ પાના:૪, તારીખ: ૦૪-૦૮-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 292 PRICE :-RS. 1.50 DATE : 04-08-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

### અન્નોત્સવ દિવસઃ વડાપ્રધાને ગુજરાતના લાભાર્થીઓ સાથે સંવાદ કર્યો

# દિવાળી સુધી ગરીબોને મફત અનાજ આપવાની વડાપ્રધાનની જાહેરાત

દાહોદ,
રૂપાણી સરકારનાં પાંચ વર્ષ પૂર્ણ કરવાના અવસરે આજે અન્નોત્સવ દિવસની ઉજવણી કરવામાં આવી છે, જેના ભાગરૂપે દાહોદ જિલ્લામાં રાજ્યકક્ષાના કાર્યક્રમનું આયોજન કરાયું છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનાજ કલ્યાણ યોજનાના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલ સંવાદ કર્યો હતો. એમાં દાહોદ અને રાજકોટના લાભાર્થીઓને આ યોજના લેવામાં કોઈ તકલીફ પડે છે કે નહીં, વચેટિયા હેરાન કરતા નથી ને એ અંગે પૂછ્યું હતું. મોદીએ લાભાર્થીઓ સાથે સંવાદમાં જણાવ્યું હતું કે દિવાળી સુધી ગરીબોને મફત અનાજ મળશે. મોદીએ ગુજરાત સરકારની કામગીરીને વખાણી હતી.વડાપ્રધાન મોદીએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ‘હજુ દિવાળી સુધી ગરીબોને મફત અનાજ મળશે. દરેક સંભવ મદદ કરવી જ અમારો અર્થ છે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ આવતા તમામ લાભાર્થીઓને દર વ્યક્તિદીઠ ૫ કિ.ગ્રા વધારાનું રાશન આપવામાં આવે છે. આજે વિશ્વભરમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના વખાણ થઈ રહ્યાં છે.વધુમાં જણાવ્યું કે, ‘આ યોજના પાછળ સરકાર દ્વારા ૨ કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવે છે. જેનો હેતુ માત્ર એક જ છે કે, ભારતની એક પણ વ્યક્તિ ભૂખી ન સૂવે. આ યોજનામાં રાશન કાર્ડધારકોને પહેલાં કરતાં બે ગણી માત્રામાં અનાજ આપવામાં આવી રહ્યું છે. આ યોજના દિવાળી સુધી ચાલશે.વડાપ્રધાન મોદીએ રાજ્ય સરકારની પ્રશંસા કરતા જણાવ્યું કે, ‘ગુજરાતમાં સાડા ત્રણ કરોડ લાભાર્થીઓને મફત અનાજનો લાભ મળી રહ્યો છે. એ માટે હું ગુજરાત સરકારની પ્રશંસા કરું છું. દેશના બીજા



હિસ્સાના શ્રમિકોને પણ ગુજરાત રાજ્યએ પ્રાથમિકતા આપી છે. ગુજરાતે સૌથી પહેલાં વન નેશન વન રાશન કાર્ડનો લાભ આપ્યો છે.આ સાથે જણાવ્યું કે, ‘ગુજરાતના એક મોટા ભાગમાં પાણી માટે મહિલાઓને ચાલીને જવું પડતું. રાજકોટમાં પણ પાણી માટે ટ્રેન મોકલવી પડતી. પરંતુ આજે સરદાર સરોવર ડેમ, સૌની યોજના અને કેનાલોના નેટવર્કથી નર્મદાનું પાણી પહોંચી રહ્યું છે. જેના કારણે આજે ગુજરાત ૧૦૦ ટકા ‘નળ સે જલ’ ઉપલબ્ધ કરાવવામાં હવે દૂર નથી. આ પરિવર્તન પણ આખો દેશ અનુભવી રહ્યો છે.તદુપરાંત પીએમ મોદીએ રાજકોટના એક લાભાર્થી સાથે વાત કરતા પૂછ્યું હતું કે, ‘આ યોજનાનો લાભ લેવામાં કોઈ તકલીફ તો નથી પડી રહી ને.’ એમાં લાભાર્થીએ જણાવ્યું હતું કે, ‘કોરોનાકાળમાં આ યોજના હેઠળ અનાજ મળવાથી ઘણી રાહત છે.અત્રે નોંધનીય છે કે, આ અવસરે ૧૭ હજાર પંડિત દિનદયાલ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર પરથી ‘અન્નોત્સવ’ અન્વયે ૪.૨૫ લાખ ગરીબ-અંત્યોદય પરિવારોને વ્યકિતદીઠ ૫ કિલો અનાજ કિટ વિનામૂલ્યે વિતરણ પણ આ કાર્યક્રમથી શરૂ કરવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે ગત વર્ષે જુલાઈથી નવેમ્બરના પાંચ મહિનામાં ૨૦૧ લાખ મેટ્રીક ટન મફત ખાદ્યની ફાળવણી કરી હતી. જ્યારે આ વર્ષની જો વાત કરીએ તો તેમાં અંદાજે ૨૮ લાખ મેટ્રીક ટન મફત ખાદ્યાન્ન વિતરણ કરવામાં આવ્યું છે.




### રાહુલ ગાંધીનું બ્રેકફાસ્ટ પોલિટિક્સઃ ૧૪ વિપક્ષી પાર્ટીઓ સામેલ થઈ

# મોંઘવારીના વિરોધમાં રાહુલ ગાંધીની સંસદ સુધી સાઈકલ માર્ચ

ન્યુ દિલ્હી,
વિપક્ષી સાંસદો સાથે નાસ્તા બાદ રાહુલ ગાંધી આજે સાયકલ પર સવાર થઈને સંસદ પહોંચ્યા હતા. રાહુલ ગાંધીની આ સાયકલ માર્ચ બળતણના વધેલા ભાવ સામે વિરોધ હતો. રાહુલ ગાંધીની આ સાયકલ માર્ચમાં વિપક્ષના કેટલાય સાંસદ હાજર હતા. આ પહેલાં દિલ્હીની એક ક્લબમાં રાહુલ ગાંધી સાથે નાસ્તા માટે ૧૪ વિપક્ષી પાર્ટીના નેતા પહોંચ્યા હતા પરંતુ આમ આદમી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના સાંસદ રાહુલ ગાંધી સાથે નાસ્તા માટે પહોંચ્યા નહોતા.પેગાસસ જાસૂસી મામલે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વિપક્ષ નેતાઓની સાથે મળી સરકાર સામે કેવી રીતે કાર્ય કરવું તે રણનીતિ પર ચર્ચા કરી. રાહુલ ગાંધીએ આપેલા આમન્ત્રણને માન આપી પ્રમુખ વિપક્ષી દળોના નેતા નાસ્તા પર કોન્સ્ટિટ્યુશન ક્લબના ભેગા થયા હતા. રાહુલ ગાંધી ઉપરાંત રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરી, તૃણમૂલ કોંગ્રેસના નેતા કલ્યાણ બેનર્જી, શિવસેનાના નેતા સંજય રાઉત, આરજેડીના મનોજ ઝા અને અન્ય ઘણા પક્ષોના નેતાઓએ આ બેઠકમાં હાજરી આપી હતી.કોંગ્રેસ,



એનસીપી, શિવસેના, આરજેડી, એસપી, સીપીઆઈ(એમ), સીપીઆઈ, આઈયુએમએલ, ક્રાંતિકારી સમાજવાદી પાર્ટી કેરળ કોંગ્રેસ, ઝારખંડ મુક્તિ મોરચા, નેશનલ કોન્ફરન્સ, ટીએમસી અને લોકતાંત્રિક જનતા દળના નેતાઓએ આ બેઠકમાં હાજરી આપી હતી. બીજી બાજુ, બેઠક બાદ રાહુલ ગાંધી વિપક્ષના નેતાઓ સાથે સંસદમાં સાઈકલ પર ગયા હતા.વિપક્ષી દળના નેતાઓ સાથે બેઠકમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ’મારા વિચાર મુજબ સૌથી મહત્વપૂર્ણ વાતએ છે કે આપણે બધા એક સાથે રહીયે. આ અવાજ જેટલી એક સાથે રહશે, એટલી જ શક્તિશાળી થશે. આ સાથે ભાજપ અને આરએસએસ માટે તેને દબાવવી મુશ્કેલ થશે.ઉલ્લેખનીય છે કે, વિપક્ષી નેતાઓ સાથે નાસ્તા બેઠક તેવા સમયે મળી જ્યારે સંસદના બન્ને ગૃહોમાં વિપક્ષ દ્વારા હંગામો કરાઈ રહ્યો છે. ૧૯ જુલાઈથી મોનસૂન સત્રની શરૂઆત થઈ, પરંતુ અત્યાર સુધી બન્ને ગૃહની કાર્યવાહી ખોરવાઈ છે. વિપક્ષી પાર્ટીઓનું કહેવું છે કે, પેગાસસ જાસૂસી મુદ્દે પહેલાં ચર્ચા કરવા માટે સરકાર તૈયાર થયા બાદ જ સંસદમાં મડાગાંઠનો અંત આવશે. સંસદીય કાર્ય મંત્રી પ્રહ્લાદ જોશીએ વિપક્ષની માંગ રદ કરતાં શુક્રવારે લોકસભામાં કહ્યું હતું કે, આ કોઈ મુદો નથી.

# કોરોનાના ડેલ્ટા વેરિયંટથી ફફડી ઉઠ્યું ચીન, લોકોને ઘરની બહાર ના નીકળવા ફરમાન

બેઈજિંગ,
આખી દુનિયામાં જ્યાંથી કોરોના વાયરસ ફેલાયો હોવાનું મનાય છે તેવા ચીનના વુહાનમાં આ વાયરસે ફરી દેખા દેતા સત્તાધીશો દોડતા થઈ ગયા છે. મંગળવારે વુહાનના વરિષ્ઠ અધિકારી લી તાઓએ એક પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરી હતી કે તંત્ર દ્વારા વુહાનમાં રહેતા તમામ ૧.૧૦ કરોડ લોકોનું ટેસ્ટિંગ કરવામાં આવશે. હાલમાં જ વુહાનમાં એક વર્ષના લાંબા ગાળા બાદ લોકલ ઈન્ફેક્શનનો પહેલો કેસ જોવા મળ્યો હતો.વુહાનના વરિષ્ઠ અધિકારીઓનું માનીએ તો સોમવારે લોકલ ટ્રાન્સમિટેડ ઈન્ફેક્શનના સાત નવા કેસ મળ્યા હતા, તમામ દર્દીઓ માઈગ્રન્ટ કામદારો છે. વુહાનમાં ૨૦૨૦માં કોરોના ફાટી નીકળતા આખાય પ્રાંતમાં જડબેસલાક લોકડાઉન લાદી દેવામાં આવ્યું હતું, અને થોડા વખતમાં જ અહીં વાયરસ કાબૂમાં આવી ગયો હતો. જોકે, ત્યારબાદ સમગ્ર વિશ્વમાં તે પ્રસરી ચૂક્યો હતો અને તેણે મહામારીનું સ્વરુપ ધારણ કરી લીધું હતું.ચીનના અન્ય ભાગોમાં પણ કોરોનાના કેસો જોવા મળતા લોકોને ઘરમાં જ રહેવા અને પ્રવાસ ના કરવા કહેવામાં આવી રહ્યું છે. આ સિવાય ચીને મોટાપાયે માસ ટેસ્ટિંગ પણ શરુ કર્યું છે. સમગ્ર ચીનમાં મંગળવારે ૬૧ નવા કેસ નોંધાયા હતા. કોરોનાનો ખૂબ જ ઝડપથી ફેલાતો ડેલ્ટા વેરિયન્ટ ચીનના કેટલાક શહેરો સુધી પહોંચી ગયો છે. તાજેતરમાં જ નાનજિંગ એરપોર્ટના સફાઈ કામદારોમાં નવા વેરિયંટનો ચેપ જોવા મળ્યો હતો અને હવે આખા ચીનમાં આ પ્રકારના કેસ જોવા મળી રહ્યા છે.બેજિંગ સહિતના શહેરોમાં આજકાલ લાખો લોકોનું ટેસ્ટિંગ કરાઈ રહ્યું છે. રહેણાંક વિસ્તારોને કોર્ડન કરવામાં આવી રહ્યું છે અને દર્દીના સંપર્કમાં આવેલા લોકોને ક્વોરન્ટાઈન કરવામાં આવી રહ્યા છે. સોમવારે ૪૦ નવા કેસ મળતા પૂર્વ ચીનના નાનજિંગ નજીકના યાંગઝોઉ શહેરમાં સ્થાનિક તંત્ર દ્વારા લોકોને ઘરમાં રહેવાની સૂચના આપી દેવાઈ છે. ૧.૩ કરોડની વસ્તી ધરાવતા યાંગઝોઉમાં એક ઘરમાંથી માત્ર એક જ વ્યકિતને જીવનજરુરિયાતની ચીજવસ્તુ માટે બહાર નીકળવાની છૂટ છે.ચીનમાં ૧૫ જુલાઈથી લઈને અત્યારસુધી ૪૦૦ નવા કેસ સામે આવી ચૂક્યા છે. બેજિંગમાં પણ ટુરિસ્ટની એન્ટ્રી બંધ કરી દેવાઈ છે. લોકોને પણ કામ સિવાય ઘરની બહાર ના નીકળવા જણાવી દેવાયું છે.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગર જિલ્લાના લુણાવાડાખાતે યોજાયો 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'નો જન સેવાયજ્ઞ



લુણાવાડા, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત વિનામુલ્યે અન્ન વિતરણ કાર્યક્રમ મહીસાગર જિલ્લા મથક લુણાવાડા બેતાલીસ પાટીદાર સમાજઘર ખાતે નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ રાજયમંત્રી યોગેશભાઈ પટેલની અ ઘ્ ય ક્ષ તા મા યોજાયોહતો.કોરોનાકાળમા રાજય અને કેન્દ્ર સરકારે ખુબ જ સંવેદનશીલતા સાથે પ્રજાજનોની આંતરડી ઠારવાનુ કાર્ય કરીને પ્રજાજનોના આશીર્વાદ મેળવ્યા છે,કોઈ વ્યક્તિ ભુખ્યો ન રહે તે માટે સરકારે પ્રજાજનોની ચિંતા કરી ઉમદા કાર્ય કર્યું છેતેમ જણાવતા મંત્રીપટેલે પ્રજાવત્સલ રાજય અને કેન્દ્ર સરકારના અભિગમનો ખ્યાલ આપ્યો હતો.કોરોના અને લોકડાઉનને કારણે કપરી પરિસ્થિતિ વચ્ચે ખડેપગે રહીને રાજય અને કેન્દ્ર સરકારે આદરેલા પ્રજા કલ્યાણના કાર્યોમા સરકારના તમામ વિભાગોના અધિકારી, કર્મચારીઓ, અને સેવાભાવી સ્વયંસેવકો એ પ્રજાહિતના કાર્યો કરીને આ આપદાનો સામનો કર્યો છે, તેમ જણાવતામંત્રીપટેલે સરકારના જનસેવાનાયજ્ઞ ની વિસ્તૃત જાણકારી પૂરી પાડી હતી.વધુમાંમંત્રી જણાવ્યું કે ગુજરાત રાજ્યનો કોઈપણ નાગરિક ભોજન વિના ન રહે, અને દરેક નાગરિકની અન્ન સુરક્ષા સુનિશ્ચિત થાય તે માટે રાજ્યની સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સરકાર કટિબદ્ધ છે. મહીસાગર જિલ્લામાં લાભાર્થીઓને 'કોરોના' ના કપરા સમયમાં ઘરબેઠા વિનામૂલ્યે અનાજ પહોંચાડીને સંવેદનશીલતા દાખવનારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીઅને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો સમગ્ર પ્રજાજનો વતી ઋણ સ્વીકાર કરતા જિલ્લા પંચાયત પ્રમુખ મતી રમીલાબેન ડામોર અને અગ્રણી પ્રદિપસિંહ રાઠોડે પ્રજા વત્સલ સરકારે દરેક પ્રજજનની દરકાર કરીને તેમના જઠરાગ્નીને ઠારી છે.જનસેવાની સરવાણી સમી સરકારની વિવિધ જન કલ્યાણલક્ષી યોજનાઓ અંગે વિસ્તૃત માહિતી પ્રાસંગિક ઉદબોધનમાં આપી હતી.મહીસાગર જિલ્લામાં આજે નગરપાલીકા વિસ્તારમાં ત્રણ સ્થળ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૯ સ્થળોએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત મહાનુભાવોના હસ્તે ૧૧૦૫૦ વ્યકિતઓને વિનામુલ્યે પ્રતિ વ્યક્તિ ૩.૫ કિલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા મળી પાંચ કિલો અનાજનું વિતરણ કરવામાં આવ્યું છે. જિલ્લામાં આ યોજના અંતર્ગત એન.એફ.એસ.એ લાભાર્થીઓ ૧૪૨૯૪૩ રેશનકાર્ડમાં ૭૩૦૭૪૩ જનસંખ્યાનો સમાવેશ થાય છે. જેઓને આગામી સમયમાં વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવશે. વન નેશન વન રેશનકાર્ડ અંગે ક્વિકી તેમજ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ વધુ ૫૦ લાખથી વધુ લાભાર્થીઓના સમાવેશ અંગે ફિલ્મ નિદર્શન કરવામાં આવ્યું હતું.દીપ પ્રાગટ્ય, અને મહાનુભાવોના પુસ્તક અને રૂમાલથી સ્વાગત સાથે શરૂ થયેલા આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોનુ શાબ્દિક સ્વાગત જિલ્લા પુરવઠા અધિકારી આર.બી.અસારીએ કર્યું હતુ. અંતે આભારવિધિ મામલતદાર ઈશ્વરભાઈ પટેલે કરી હતી. કાર્યક્રમ દરમિયાન પાત્રતા ધરાવતા લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે રાશન કીટનુ વિતરણ કરાયુ હતુ. આ અવસરે દાહોદ ખાતે રાજ્ય કક્ષાના કાર્યક્રમમા ઉપસ્થિત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીતથા દિલ્હીથી વર્ચ્યુલ રીતે જોડાયેલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્રમનુ જીવંત પ્રસારણ પણ સૌ જિલ્લા વાસીઓએ દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી નિહાળ્યુ હતુ.

આ કાર્યક્રમમા ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, તાલુકા પંચાયત પ્રમુખ જ્યોતિકાબેન પટેલ, લુણાવાડા નગરપાલીકા પ્રમુખ બ્રિન્દાબેન શુકલ, પ્રાંત અધિકારી બ્રિજેશ મોડીયા, સહિત પદાધિકારીઓ અધિકારીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર જિલ્લોર કોરોનામુકત સતત ૪૪ મા દિવસે કોરોનાનો એક પણ કેસ નહીં

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર ઈનચાર્જ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. જિલ્લામાં હાલ એક પણ દર્દી સારવાર હેઠળ નથી.

મહીસાગર જિલ્લામાં સતત ૪૪ મા દિવસે એકપણ કેસ ન નોંધાતા મહીસાગર જિલ્લો કોરોનામુકત રહ્યો છે.

મહીસાગરવાસીઓએ જેમ સતત છેલ્લાત ચુંમાલીસ દિવસથી કોરોના સંક્રમણને વધતું અટકાવીને જિલ્લા ને કોરોનામુકત બનાવવામાં જિલ્લાર વહીવટીતંત્રને સહયોગ આપ્યો છે. તેવો જ સહયોગ આગામી સમયમાં આપી જિલ્લો કોરોનામુકત રહે અને હવે જિલ્લો વેકિસનયુકત બને તે જોવા અપીલ કરવામાં આવી છે.

અત્યારસુધીમાં જિલ્લામાં સીઝનલફલુ / કોરોનાના કુલ ૩૨૦૯૮૧ રીપોર્ટ નેગેટીવ આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

## પડકારભર્યા સમયમાં પણ સરકાર પડખે હોવાથી સામાન્ય માણસમાં નવા આત્મવિશ્વાસનો જન્મ થયો છે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી

લુણાવાડા, મુખ્યમંત્રી વિજયભઈ રૂપાણીના યશસ્વી નેતૃત્વમાં રાજય સરકારના પાંચ વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષમાં દાહોદમાં અન્નવિતરણના અવસરે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણ કાર્યક્રમના રાજયકક્ષાના શુભારંભ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલી ઉપસ્થિત રહીને લાભાર્થીઓ સાથે ઇ-સંવાદ સાધ્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ લાભાર્થીઓને સરકારી વ્યવસ્થા અંગે તેમજ કોરોનાકાળમાં તેમના જીવનમાં આવેલી મૂશ્કેલીઓ વિશે ભાવપૂર્ણ સંવાદ કરી સરકાર ગમે તેવા મોટા પડકારના સમયમાં પણ હંમેશા સામાન્ય માણસની પડખે હોવાની વાત કરી હતી. તેમણે સરકારની કામગીરીથી સામાન્ય માણસમાં નવો આત્મવિશ્વાસ આવ્યો હોવાનું જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ વડનગરનાં નરસિંહ પ્રજાપતિ સાથે વાત કરતાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત સમયસર અનાજ મળે છે કે કેમ, તેમની કામગીરી અને ઘર-પરિવાર વિશે પૃચ્છા કરી હતી અને સામાન્ય માણસને હરસંભવ મદદ સરકારે પહોંચાડી હોવાની વાત કરી હતી. નરસિંહભાઈએ સરકારની કામગીરીથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

પ્રધાનમંત્રીએ દાહોદનાં દિવ્યાંગ લાભાર્થી વર્ષાબેન ભૂરિયા સાથે વાતચીત કરી હતી. તેમણે દાહોદમાં કયા ગામના છો ? વિનામૂલ્યે અનાજ મેળવવામાં કંઇ તકલીફ તો નથી પડતી ને ? બે ચાર ધક્કા ખાવા પડે તેવું તો નથી ને જેવા પ્રશ્નો પૂછયા હતા. અંતરિયાળ ગામના વર્ષાબેને સરકારી સેવાઓ સમયસર મળી જાય છે તેમ જણાવ્યું હતું અને ગંગાસ્વરૂપ આર્થિક સહાય યોજના અંતર્ગત લાભ મળતો હોવાનું જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ ગંગાસ્વરૂપ વર્ષાબેનને દિવ્યાંગ તરીકેના અન્ય લાભ મળતા હોય તો આપવા માટે અધિકારીઓને સૂચન કર્યું હતું. પ્રધાનમંત્રીએ વર્ષાબેનને કપરા સંજોગોમાં બાળકોને ભણાવીને મોટા કરી રહ્યાં હોવા બાબતે પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ દાહોદવાસીઓને નમસ્કાર કરતાં ક્ષેમકુશળ પુછી ઘણાં વર્ષો થઇ ગયા, દાહોદ આવવાનું થતું નથી તેમ જણાવ્યું હતું.

પ્રધાનમંત્રીએ રાજકોટના નયનાબેન જોષી સાથે વાત કરતાં પોતાની પ્રથમ એમએલએ તરીકે રાજકોટમાંથી ચૂંટાયા હોવાની વાત યાદ કરી રાજકોટ પ્રત્યે પોતે ઋણી હોવાનું જણાવ્યું હતું. તેમણે વર્ષો પહેલા રાજકોટમાં પાણીની કેવી મૂશ્કેલીઓ પડતી હતી એ યાદ કરતાં અત્યારે સરદાર સરોવર, સૌની યોજના અને અનેક નહેરો દ્વારા રાજકોટ જ નહિ આખા ગુજરાતની પાણીની જરૂરિયાત પૂર્ણ થઇ હોવાનું જણાવ્યું હતું.

પ્રધાનમંત્રીએ તાપીના ખેડૂત જિતેન્દ્ર જોષી સાથે તેમનો ખેતી-પશુપાલનના ધંધા વિશે ખબર પૂછયાં હતા. ખેતીમાં શું વાવ્યું છે, દૂધ કેટલા ભાવે વેચાય છે વગેરે જેવી બાબતો પણ પૂછી હતી. જીતેન્દ્રભાઇને તેમના ગામમાં તેમને તથા બાકીના ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન યોજના અંતર્ગત સમયસર રકમ ખાતામાં જમા થઇ જાય છે કે કેમ વગેરે બાબતે પૃચ્છા કરી હતી. જીતેન્દ્રભાઇએ સરકારની કામગીરી વિશે સંતોષ વ્યકત કર્યો હતો અને તમામ આદિવાસી ભાઇ-બહેનોના આર્શીવાદ તેમની સાથે હોવાનું જણાવ્યું હતું. પ્રધાનમંત્રીએ ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસીઓને ભાવપૂર્ણ પ્રણામ કર્યા હતા. પ્રધાનમંત્રીએ ગાંધીનગરનાં દિલીપભાઇને તેમના કામ-ધંધા વિશે, તેમની દિવ્યાંગતા અને કોરોનાકાળની સ્થિતિ વિશે પૃચ્છા કરી હતી. દિલીપભાઈએ વિનામૂલ્યે અનાજ સારી રીતે મળી જાય છે સહિત સરકારી વ્યવસ્થા વિશે સંતોષ વ્યકત કર્યો હતો. પ્રધાનમંત્રીએ ૧૦૦ વર્ષની સૌથી મોટી કોરોનાની વિપત્તિ સામે અડગ હિંમતથી સફળતાથી સામનો કર્યો હોવાનું જણાવ્યું હતું. તેમજ હજું પણ કોરોના સામે માસ્ક, સેનિટાઇઝર વગેરે સુરક્ષા સાથે જ કામ કરવા જણાવ્યું હતું.

## મહીસાગર જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન : પ્રથમ આવનાર ખેલાડીને રાજયકક્ષાએ રમવાની સુવર્ણ તક

લુણાવાડા, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષાની એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે મહીસાગર જિલ્લામાં ૧૦૦, ૨૦૦, ૪૦૦, ૮૦૦ અને ૧૫૦૦ મીટરની દોડની આ એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન થશે. જેમાં ફક્ત ૩૧/૦૭/૨૦૦૧થી નીચેની વય મર્યાદા ધરાવતા ભાઈઓ-બહેનો જ આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધકોએ તા. ૫ મી ઓગસ્ટના રોજ સવારે ૦૮.૦૦ કલાકે પી.એન્ડ પંડ્યા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના મેદાન, લુણાવાડા ખાતે ઉપસ્થિત રહેવું. સ્પર્ધકોએ સાથે જન્મ તારીખનો દાખલો સાથે રાખવાનો રહેશે. ટુર્નામેન્ટમાં પ્રથમ આવનાર ખેલાડીને રાજ્યકક્ષાએ રમવાની તક મળશે. સિનીયર બહેનો માટે આ સ્પર્ધાનું આયોજન તા. ૦૭/૦૮/૨૦૨૧ અને સિનીયર ભાઈઓ માટે તા. ૦૯/૦૮/૨૦૨૧ના રોજ જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, હિંમતનગર (સાબર સ્ટેડિયમ) ખાતે યોજવામાં આવશે. આ માટેની વધુ માહિતી મેળવવા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, લુણાવાડા જિ. સંપર્કકરવા જિલ્લા જિલ્લા સિનિયર કોચની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## શ્રીરામ જન્મ ભૂમિ અયોધ્યા મંદિરના નિર્માણ માટે દાન સ્વીકારવા ફેક વેબસાઈટ બનાવી ઓનલાઈન ઠગાઈ કરતી બિહાર (પટના)ની ત્રીપુટીને લુણાવાડા પોલીસે ઝડપ્યા



લુણાવાડા, લુણાવાડાના રહિશ શ્રી રામ જન્મ ભૂમિ અયોધ્યા ખાતે નવ નિર્મિત થઈ રહેલ મંદિરના દાન સ્વીકારવાની ફેક વેબસાઈટ બનાવી દાન પેટે રૂા.૨૧,૦૦૦ની છેતરપિંડી થયેલ હોવાની ફરિયાદ લુણાવાડા પોલીસ મથકે નોંધાઈ હતી.જેના આધારે લુણાવાડા પોલીસ અને એસ.ઓ.જી. દ્વારા ઓનલાઈન ઠગાઈ કરતી ત્રિપુટીને બિહાર (પટના) ખાતેથી ઝડપી પાડવામાં આવી.લુણાવાડા પોલીસ મથક ફરિયાદ લખાવનારના પતિ સાથે શ્રી રામ જન્મ ભૂમિ અયોધ્યા ખાતે નવ નિર્મિત થઈ રહેતા મંદિરના નિર્માણ માટે દાન સ્વીકારવાની ઠગો એ ખોટી વેબસાઈટ બનાવી હતી. તેમાં ૨૧,૦૦૦/- રૂપીયાનું ઓનલાઈન દાન કરીને છેતરપિંડી થયેલ છે. તેવી ફરિયાદના એસ.ઓ.જી. પોલીસ અને લુણાવાડા પોલીસ ટેકનીકલ માહિતી મેળવતા ફેક વેબસાઈટ બનાવનારને લોકેશન બિહાર (પટના) હોય તેવી પોલીસની ટીમ બિહાર (પટના) ખાતેથી ફેક વેબસાઈટ બનાવનાર જ્યોતિશકુમાર જગેવપ્રસાદ કુશ્વાહા રહે.પાંપી, પનહેસા,તા. પરખંડ, રોહિત બીપીનસિંહ રહે.મહોબ્બતપુર તા. પનખંડ, વિકાસ રાજકુમાર પ્રસાદ રહે. ભવાની બિહગા તા.પરખંડ જ પટના ખાતેથી મળી આવ્યા હતા. પકડાયેલ ઈસમોની પુછપરછ દરમિયાન રામ મંદિર દાન માટેની વેબસાઈટ દિલ્હી ખાતે રહેતા રાજીવકુમાર બનાવી આપી હતી. આરોપીને વેબસાઈટ એકાઉન્ટ ધારક બિન્દુકુમાર મજુરી કરતા મજુરોના કોટેક મહિન્દ્રા બેંકમાં મોબાઈલ બેંકીગ થી ખોલી જ્યારે કેવાયસી અપડેટ કરવા માટે એકાઉન્ટ ધારક પાસે બેંકનો કર્મચારી જતો તો તેમનો કોન્ટ્રાકટર કેવાયસી અપડેટ કરાવી દેતો હતો. જે ખાતાઓના એટીએમ બિટ્ટુ નામના વ્યકિત સોનુ હાઉસ રૂકનપુર બેઈલી રોડ આઈ.સી.હોન્ડા પટનાની પીન નંબર ૮૦૦૦૧૪૫૨ બ્લુ ડર્ટ કુરીયર મારફતે આવતા હતા. એ એટીએમ વિકાસ નામનો ઈસમ મેળવી મોબાઈલ નંબર દ્વાર પીન જનરેટ કરી પૈસા ઉપાડી લેતો હતો. ખોટુ એકાઉન્ટ ખોલાવેલ હતું. બેંક માંથી ૯,૫૬,૫૬૮/-રૂપીયા ઉપાડેલ હોય આ પકડાયેલ ઈસમો પાસેથી બીજી અન્ય બેંકોમાં ખાતા ખોલાવી છેતરપિંડી કરતી ત્રિપુટી પાસેથી અલગ-અલગ બેંકના એટીએમ, ક્રેડીટકાર્ડ નંગ-૧૦, મોબાઈલ તેમજ સીમકાર્ડ નંગ-૯, ફોર વ્હિકલ ગાડી, રોકડ મળી સાથે ઝડપી પાડીને લુણાવાડા ખાતે લાવવામાં આવ્યા. ત્રણ ઈસમોને કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવવામાં આવ્યા છે અને વધુ તપાસ હાથ ધરી છે.

## ઘોઘંબા તાલુકાના સ્વામિનારાયણ મંદિર ખાતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ વિનામૂલ્યે અન્ન વિતરણ કાર્યક્રમ યોજાયો



ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના મંદિર ખાતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ વિનામૂલ્યે વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. ઘોઘંબા તાલુકા તાલુકા પંચાયતમાં પ્રમુખ રંગેશ્વરીબેન રાઠવા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન રમેશભાઈ રાઠવા, ઘોઘંબા તાલુકા ભાજપ પ્રમુખ ગુણવંત ગોહિલ, જિલ્લા પંચાયતના સદસ્યો તથા તાલુકા પંચાયતના સદસ્યો અને ઘોઘંબા સરપંચ ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં મામલતદાર એ સ્વાગત પ્રવચન કર્યું હતું. મામલતદાર કચેરીનો સમગ્ર સ્ટાફ આ કાર્યક્રમમાં હાજર રહી સફળ બનાવવા માટે પ્રયત્નો કર્યા હતા. સાથે સાથે ગુજરાતના મુખ્યમંત્રી તથા વડાપ્રધાનનુ જીવંત પ્રસારણ પણ નિહાળવામાં આવ્યું હતું. સૌ લાભાર્થીઓને સસ્તા અનાજની દુકાનો પરથી અનાજ વિતરણ કરીને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી. વેપારી મંડળના પ્રમુખ પ્રજ્ઞેશભાઈ શાહ હાજર રહ્યા હતા.

## સંતરામપુર બી.આર.સી.ભવન ખાતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ વિના મૂલ્યે અનાજ વિતરણ કરાયું



સંતરામપુર, સંતરામપુર બી.આર.સી ભવન ખાતે ગુજરાત સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ આજે સંતરામપુર બી.આર.સી.ભવન માં પંડિત દિન દયાલ ભંડારા લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ વિતરણ કાર્યક્રમ યોજાયો અને સાથે આવ જણાવ્યું હતું. તમામ દુકાનદારોએ સરકારની યોજના મુજબ નિયમ અનુસાર મફત અનાજનું વિતરણ કરવાનું છે. તમામ રેશનકાર્ડ ધારકોને આનંદની કીટ ફરજિયાત આપવાની છે. સાથે એપીએલ બીપીએલ કરાવોને અવશ્ય સરકારના નિયમ મુજબ ગ્રાહકોને ફરજિયાત કુપન આપવાનું રહેશે. આ પ્રસંગે સંતરામપુર ધારાસભ્ય કુબેરભાઈ ડીડોર પ્રાંત અધિકારી મામલતદાર તમામ કાર્યક્રમો થયા હતા. સરકાર યોજનાની લાભાર્થીઓની જાણ કરવામાં આવેલી હતી અને સરકાર તરફથી મળતું અનાજ ફરજીયાત આપવાનો રહેશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૦૪-૦૮-૨૦૨૧, બુધવાર, અષાઢ વદ-૧૧, સૂર્યોદય-૬-૨૧, સૂર્યાસ્ત-૭-૨૪, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્ર: મૃગશીર્ષ

- શુભ ચોઘડીયા -

૬-૨૧ થી લાભ-અમૃત-૯-૩૭ સુધી, ૧૧-૧૫ થી શુભ-૧૨-૫૩ સુધી, ૧૬-૦૯ થી ચલ-લાભ-૧૯-૨૪ સુધી, ૨૦-૪૭ થી શુભ-અમૃત-ચલ ૨૪-૫૩ સુધી

- શુભ હોરા-

૬-૨૧ થી ૮-૩૨ સુધી,૯-૩૭ થી ૧૦-૪૨ સુધી,૧૨-૫૩ થી ૧૬-૦૯ સુધી,૧૭-૧૪ થી ૧૮-૧૯ સુધી

## દૈનિક રાશીફળ

તા.૦૪.૦૮.૨૦૨૧ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- આર્થિક બોજો ઘટતો જોવા મળશે. નોકરીમાં પ્રગતિ, સામાજીક કાર્યોમાં સફળતા, માતાથી લાભ રહે. પ્રવાસ થાય.

વૃષભ(બ.વ.ઉ.) :- અંગત જીવનમાં પરિવર્તન થાય. લકઝરી ચીજવસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે. અંધશ્રધ્ધાથી દૂર રહેજો વિદેશથી લાભ.

મિથુન(ક.છ.ઘ.) :- લખાણ-દસ્તાવેજોના કાર્યમાં અનુકુળતા રહે. રાજકીય લાભ. કર્મચારી વર્ગ સાથે મહત્વની ચર્ચા વિચારણા થાય.

કર્ક(ડ.હ.) :- પરિવારમાં માંગલીક પ્રસંગો ઉભા થાય ખર્ચ રહેવાનો ઉત્સાહ જળવાઈ રહે. સ્વાસ્થ્ય બાબત જાળવવું કાર્યભાર ટાળવો.

સિંહ(મ.ટ.) :- સગા સ્નેહી સાથે પાર્ટીનું આયોજન થાય. નોકરીમાં અનુકુળતા જીવન સાથી સાથે સુમેળ રાખવો. ગુસ્સો ટાળવો.

કન્યા(પ.ઠ.ણ.) :- બીજાના કાર્યમાં ડખલગીરી કરવાથી દૂર રહેજો રોજીંદા કાર્યને વળગી રહો. ધાર્મિક કાર્યમાં સફળતા વિદેશથી લાભ.

તુલા(ર.ત.) :- તમારો આત્મવિશ્વાસ વધવાનો નોકરીમાં અનુકુળતા રહે. સાંજ પછીનો સમય વધુ લાભકર્તા રહે.

વૃશ્ચિક(ન.ય.) :- અટકતા કાર્યને વેગ મલવાનો મિત્રો સાથે વ્યવસાયનું આયોજન થાય શેર સટ્ટાથી દૂર રહેજો.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- નિર્ણયો બાબત સતર્કતા કેળવજો નવી યોજનામાં કોઈની સલાહ લેજો પરિવારના સભ્યોને સહકાર દેજો.

મકર(ખ.જ.) :- માનસિક ટેન્સન દૂર થાય જુના મિત્રોની મુલાકાત લાભ દાયક રહે. આવકનું પ્રમાણ વધવાનું.

કુંભ(ગ.શ.સ.) :- નોરીમાં મનગમતી જગ્યા મેળવશો નવી ઓફર આવે સંતાનોની પ્રગતિ માટે શુભ દિવસ રહેવાનો.

મીન(દ.ચ.ઝ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેશે. માતાનો સહકાર રહે. જમીન મકાનના કાર્યો બાબત અનુકુળતા રહે.

# દાહોદમાં ચાલતા ડોર ટુ ડોર કચરા કલેકશનની કામગીરીમાં થાંદલા ગામના કામદારોને અનિયમિત પગાર ન મળતાં નારાજગી



દાહોદ,

દાહોદ સ્માર્ટ સીટીનો ચકચારી બનાવના પડઘા મદયપ્રદેશના ઝાબુઆ જિલ્લામાં આવેલ થાંદલા ગામે પડવા માંડ્યાં છે. દાહોદ સ્માર્ટ સીટી અંતર્ગત ડોર ટુ ડોર કચરા કલેક્શનના સફાઈ કામ કરતાં થાંદલા ગામના નિવાસી કર્મચારીઓને બે માસથી વધારે સમયનો પગાર કોન્ટ્રાક્ટરો દ્વારા ન અપાતાં અને કોન્ટ્રાક્ટરો દ્વારા આ થાંદલાના સફાઈ કામદારોને હેરાન પરેશાન અને મારઝુડ કરતાં થાંદલાના આ સફાઈ કર્મચારીઓ સ્માર્ટ સીટી અંતર્ગત ચાલતી ડોર ટુ ડોરની ગાડીઓ લઈ વતન પહોંચી જતાં આ મામલાથી ખુદ દાહોદના અધિકારીઓ અને સત્તાધિશો પણ અજાણ હોવાનું સામે આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.મળતી પ્રાપ્ત વિગતો અનુસાર, દાહોદ શહેરમાં હાલ સ્માર્ટ સીટી અંતર્ગતની તમામ કામગીરીઓ પુરજોશમાં ચાલી રહી છે. સ્માર્ટ સીટી અંતર્ગત અનેક વિવિધ કામો કોન્ટ્રાક્ટરોને આપી દેવામાં આવ્યાં છે અને કોન્ટ્રાક્ટરો દ્વારા સ્માર્ટ સીટી અંતર્ગત અનેક કામો કરી રહ્યાં છે. ત્યારે તેમાં ડોર ટુ ડોર કચરા કલેક્ટશનની કામગીરી પણ કોન્ટ્રાક્ટર હસ્તગત આપેલ છે. ત્યારે દાહોદ શહેરમાં ચોંકાવનારા બનાવને પગલે દાહોદને અડીને આવેલ મદયપ્રદેશના ઝાબુઆ જિલ્લાના થાંદલા ગામે આ ઘટનાના પ્રત્યાઘાત પડતાં ખુદ આ મામલે દાહોદ સ્માર્ટ સીટીના સત્તાધિશો પણ આ મામલાથી અજાણ હોય તેમ લાગી રહ્યું છે. બનાવ એવો છે કે, દાહોદ શહેરમાં ચાલતા ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરીમાં થાંદલા ગામના રહેવાસી કેટલાંક કામદારો દાહોદ મજુરી કામ અર્થે આવ્યાં હતાં અને તેઓ આ ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરીમાં જોડાયાં હતાં. થાંદલા ગામના આ સફાઈ કામદારોના પાસેથી જાણવા મળ્યાં અનુસાર, ઘણા લાંબા સમયથી તેઓ દાહોદ ખાતે આ કામની મજુરી કરી રહ્યાં હતાં ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા બે મહિનાથી વધુનો પગાર પણ આપવામાં આવતો ન હતો. અનેકવાર કોન્ટ્રાક્ટરને રજુઆત કરવા છતાં પણ કોન્ટ્રાક્ટર દ્વારા થાંદલા આ સફાઈ કામદારોને વેતન ચુંકવ્યું ન હતું અને આ સફાઈ કામદારો સાથે ઉદ્ધતાઈ પુર્વકનું વર્તન તેમજ હેરાન પરેશાન સહિત મારઝુડ પણ કરતાં હોવાના ઓક્ષેપો પણ કરવામાં આવી રહ્યાં છે કંટાળી ગયેલ થાંદલાના સફાઈ કામદારો દ્વારા દાહોદમાં સ્માર્ટ સીટી અંતર્ગત ચાલતી ડોર ટુ ડોરની ગાડીઓ મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના થાંદલા મુકામે પોતાના વતન લઈ ગયાં હતાં. વધુમાં જાણવા મળ્યાં અનુસાર, આ થાંદલાના કામદારો દ્વારા આ મામલે ઝાબુઆ પોલીસ મથકે ફરિયાદ પણ આપવા ગયાં હતાં પરંતુ આ મામલો દાહોદનો હોવાને કારણે ફરિયાદ ત્યાં થઈ શકે તેમ ન હોવાને કારણે ઝાબુઆ પોલીસ મથકે ફરિયાદ લીધી ન હતી અને હાલ પણ દાહોદની ડોર ટુ ડોરની ગાડીઓ થાંદલા મુકામે હોવાનું જાણવા મળી રહ્યું છે ત્યારે પ્રશ્ન એ ઉદ્ભવી રહ્યો છે શું આ સમગ્ર મામલાથી દાહોદના સ્માર્ટ સીટીના અધિકારીઓ તેમજ સત્તાધિશો અજાણ હશે કે, પછી આંખ આડા કાન કરી દેવામાં આવ્યાં હશે? જે એક તપાસનો વિષય પણ બની રહેવા પામ્યો છે. આ મામલાને ગંભીરતાથી લેવામાં આવે તો અનેક સત્ય હકીકતો બહાર આવવાની પુરે પુરી સંભાવનાઓ વ્યક્ત કરાઈ રહી છે.

# કોરોના ની વેદનાઓ વચ્ચે ભા.જ.પ સરકાર ના શાસનની ઉજવણીઓ સામે..

## લુણાવાડા ખાતે કોંગ્રેસના વિરોધની આગેકૂચ ને રોકવા દોડી ગયેલ પોલીસ તંત્રની જો-હુકમી સામે દાહોદના માંજી સાંસદ પ્રભાબેન તાવિયાડ નીચે બેસી જતાં ઉત્તેજનાભર્યા દ્રશ્યો !!



દાહોદ,

ગુજરાત ભા.જ.પ સરકાર દ્વારા પાંચ વર્ષના સાશનની ઉજવણીઓ સામે કોંગ્રેસનો વિરોધ દબાઈ જવો જોઈએના સખ્ત આદેશની સૂચનાઓના પગલે મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે કોંગ્રેસના વિરોધ પ્રદર્શનમાં એકત્ર થયેલા દાહોદના માજી સાંસદ પ્રભાબેન તાવિયાડ, બાલાસિનોર ના ધારાસભ્ય અજીત સિંહ ચૌહાણ, સમેત વિ. અગ્રણીઓની પોલીસે અટકાયત કરતા ભારે ઉત્તેજના ભર્યા દ્રશ્યો સર્જાયા હતા.લુણાવાડા ખાતે ‘‘નિષ્ફળતાઓની ઉજવણી શરમ કરો રૂપાણી’’ અને સંવેદનહીન સરકારના બેનર અને મોંઘવારી અને બેકારી વિરુદ્ધ પ્લેકાર્ડ અને સૂત્રોચ્ચાર સાથે કોંગ્રેસનો આ વિરોધ આગેકૂચ કરે આ પૂર્વે જ દોડી આવેલ પોલીસ તંત્ર ના કાફલા દ્વારા કોંગ્રેસ અગ્રણીઓની અટકાયત કરવાના આ વિરોધ સાથે દાહોદના પૂર્વ સાંસદ પ્રભાબેન તાવિયાડ પોલીસ તંત્રની આ જો–હુંકમી સામે નીચે બેસી ગયા હતા. આ માજી સાંસદ પ્રભાબેન તાવિયાડ હાથ માંથી પ્લેકાર્ડ ઝડપી લીધા બાદ ખેંચાતાંણના દ્રશ્યો સર્જાયા હતા !!મહિસાગર જિલ્લાના મુખ્ય મથક લુણાવાડા ખાતે રૂપાણી સરકારની ઉજવણી સામે વિરોધ વ્યક્ત કરતા દાહોદના માજી સાંસદ પ્રભાબેન તાવિયાડ આક્રોશ સાથે જણાવ્યું હતું કે કોરોના ની ઘાતક લહેરોમાં પ્રજાજનોએ પોતાના સ્વજનોને ગુમાવ્યા છે એમાં અંતિમવિધિ અને ઉત્તર ક્રિયાઓ પણ કરી શક્યા નથી. આ કોરોના ની વેદનાઓ સામે ભા.જ.પ સરકાર પોતાની જવાબદારીઓ ની નિષ્ફળતાઓ છુપાવવા માટે પાંચ વરસના શાસનની ઉજવણીઓ કરી રહી છે. ખરેખર કોરોના ની ત્રીજી લહેર આવી રહી હોવાની આ ચેતવણીઓમાં સરકારે આરોગ્ય સુવિધાઓ વધારવાના બદલે કોરોના ને આમંત્રણ આપે એવા ઉજવણીઓ ના તાયફા ઓ બંધ કરવા જોઈએ અને આરોગ્યક્ષેત્રે માં કોરોના ના એ કપરા દિવસોમાં દર્દીઓની સારવાર કરનારા આરોગ્ય સેવાઓના કર્મચારીઓ અને મુખ્યત્વે તો સફાઈ કર્મચારીઓને કરાર આધારીત આઉટ સોર્સિંગ એજન્સીઓના શોષણ માંથી મુક્ત કરીને સરકારની નોકરીમાં સ્થાન આપવાની પણ માંગ કરી હતી.

# લોકડાઉનથી શરૂ કરાયેલ વિનામૂલ્યે અનાજ વિતરણના કારણે અમને કોઈના ઓશિયાળા થવાની જરૂર ન પડી - કેવડ રાધાબેન

દાહોદ,

દાહોદ તાલુકાના રાણાપુર ખુર્દના ભાભોર ચુનિયાભાઈ, પારગી લોબાનભાઈ, ખરોડ ગામના નિનામા ચતુરીબેન પીથાભાઈ અને નિનામા બચુભાઈ સવસિંગભાઈ, કેવડ રાધાબેન મહેશભાઈ...આ તમામ વ્યક્તિઓ પર મોટા પરિવારનું ગુજરાન ચલાવવાની જવાબદારી છે અને તેઓ ખેતમજૂરી, છૂટક મજૂરી, સફાઈ કામ જેવા મર્યાદિત આવક ધરાવતા વ્યવસાયો સાથે સંકળાયેલા છે. કુટુંબના યુવા સભ્યો પણ મોટા શહેરોમાં શ્રમકાર્ય કે છૂટક મજૂરી કરીને આજીવિકા રળે છે. પરિવારમાં વધુ સભ્યો અને મર્યાદિત આવક હોવા છતા આ પરિવારોને લોકડાઉન દરમિયાન આર્થિક પ્રવૃત્તિઓ મંદ થવાના પરિણામે રાશનની, ખાવા–પીવાના ખર્ચની ચિંતા નથી કરવી પડી. લોબાનભાઈ જણાવે છે કે કોરોનાના લીધે લોકડાઉન થયું, બહાર કામો મળવાના બંધ થયા અને બે ટંક જમવા માટે બચત વાપરવાની ફરજ પડી. દાહોદ નગરપાલિકામાં રોજમદાર સફાઈકર્મી તરીકે ફરજ બજાવતા કેવડ રાધાબેન જણાવે છે કે તેમના ૩ દિકરાને કોરોના દરમિયાન છૂટક મજૂરીનાં કામ મળવાના સાવ ઓછા થઈ ગયા અને ઘર ચલાવવા માટે તેમની માસિક ૭,૦૦૦ની કમાણી ટૂંકી પડવા માંડી ત્યારે સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણયોજના હેઠળ પ્રતિ માસ વ્યક્તિદીઠ ૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ શરૂ થયું અને રાહત થઈ.

ભાભોર ચુનિયાભાઈ જણાવે છે કે તેમના પરિવારમાં ૯ સભ્યો છે અને કોરોના કટોકટી દરમિયાન લાગલગાટ ૮ મહિના સુધી વિનામૂલ્યે અનાજ મળ્યું છે, જેથી સંક્રમણનું જોખમ લઈ બહાર કામ શોધવા જવાની જરૂર નથી પડી. આ વિતરણ હેઠળ પ્રતિમાસ ૩૦ કિલો અનાજ મેળવતા નિનામા ચતુરીબેન અનાજની ગુણવત્તા અને જથ્થા વિશે સંતોષ વ્યક્ત કરતા જણાવે છે કે મે મહિનાથી ફરી વિતરણ શરૂ થયું છે અને નવેમ્બર સુધી ચાલુ રહેવાનું છે, જે જરૂરતમંદ પરિવારોના માસિક ખર્ચમાં સારી એવી બચત કરાવશે. આ તમામ લાભાર્થીઓને રાહતદરે અનાજ ઉપરાંત પરિવારના સભ્યોની સંખ્યા અનુસાર પ્રતિ વ્યક્તિ ૩.૫ કિલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા પ્રમાણે પ્રતિ માસ ૩૦ થી ૪૦ કિલો અનાજ વિનામૂલ્યે આપવામાં આવી રહ્યું છે. કોરોના સંક્રમણ અટકાવવા લદાયેલ લોકડાઉન દરમિયાન અને આર્થિક પ્રવૃતિઓ ફરી પૂર્ણ ક્ષમતા સાથે શરૂ થાય ત્યાં સુધી નબળા, જરૂરતમંદ પરિવારોની અન્નસુરક્ષા સુનિશ્ચિત કરવા અને એક મજબૂત ટેકો પૂરો પાડવાના સરકારના પ્રયાસો સફળ થયા છે તે આ લાભાર્થીઓના સંતુષ્ટ ચહેરા પરથી સાબિત થાય છે.

# દાહોદના ઐતિહાસિક ગઢી કિલ્લાનો તોતિંગ દરવાજો ઢળી પડે તેવી હાલત



દાહોદ,

દાહોદના ઐતિહાસિક ગઢીના કિલ્લાના ચાર પૈકીનો મુખ્ય માર્ગે આવેલો એક તોતિંગ દરવાજો ગમે ત્યારે ઢળી પડે તે હાલતમાં આવી ગયો છે. આજથી આશરે સાડા ત્રણ સદી પૂર્વે ઈ.સ.૧૬૭૮માં મોગલ શાસક ઔરંગઝેબે પોતાના જન્મસ્થળની સ્મૃતિ જીવંત રાખવા નગરમધ્યે બનાવેલ ગઢીના કિલ્લામાં આવવા તથા બહાર નીકળવાના રસ્તે લાગેલ કુલ ચાર દરવાજા પૈકી કેટલાય વર્ષોથી ત્રણ જ દરવાજા છે. જયારે કે એક દરવાજો વર્ષો અગાઉથી ગુમ છે.

દાહોદ પાલિકા ભવનને અડીને આવેલ પ્રવેશના સ્થળે બે પૈકી એક દરવાજો તો ગુમ છે તો બાકીનો બચેલો એક તોતિંગ દરવાજો પણ પડવાની રાહ જોતો ઉભો છે. આશરે ૧૭ ફૂટ ઉંચાઈ અને ૧૦ ફૂટ પહોળાઈનો આ તોતિંગ દરવાજો દિવાલથી ત્રણેક ફૂટ રસ્તા તરફના ભાગે ઢળી ગયો છે. ત્યારે ગમે ત્યારે સાવ અચાનક દરવાજો ઢળી પડે તો આવાગમન કરતા કોઈ નિર્દોષોનો ભોગ લઈ લે તેવી હાલતમાં છે.

દાહોદ ખાતે ઐતિહાસિક ગણાતા ગણ્યાંગાંઠ્યા સ્મારકો પૈકીના નગરની ઓળખ ગણાતા ગઢીના કિલ્લાના ઐતિહાસિકતા મુજબ અમુલ્ય એવા અને કદાચ દાહોદમાં કીર્તિમાન સર્જક ઊંચાઈ ધરાવતા તોતિંગ દરવાજાને યોગ્ય સમારકામ કરાવવા તંત્રએ સત્વરે જે તે પગલાં ભરવા જોઈએ તેવી લોકમાંગ ઉઠવા પામી છે. અગાઉ આ દરવાજા માટે આ ગઢી કિલ્લા પરિસરમાં જ આવેલ મામલતદાર કચેરીમાં વારંવાર રજૂઆત થઈ હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ, આ ઈમારત ઐતિહાસિક સ્થાપત્યની સૂચિમાં આવતી હોઈ વહીવટી તંત્રએ તેમાં કોઈપણ છેડછાડ કરવા ઈન્કાર કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

## જીપીએસસીની રાજ્ય વેરા નિરીક્ષકની પરીક્ષાર્થીઓ માટે સૂચના

દાહોદ જિલ્લામાં આગામી તા. ૮ ઓગસ્ટના રોજ ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ –૩ ની પરીક્ષા યોજાશે. આ પરીક્ષામાં રિસિપ્ટમાં શરતચૂકથી યશવાટિકા ઉ.બુ. વિદ્યામંદિર, જેસાવાડા, મુ. અભલોડ, તા. ગરબાડા લખાયેલું છે, તેને સ્થાને યશવાટિકા, ઉ.બુ. વિદ્યામંદિર, જેસાવાડા, મુ. જેસાવાડા, તા. ગરબાડા વાંચવું. પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ ખાસ આ સુધારાની નોંધ લે તેમ દાહોદના જીપીએસસી પરીક્ષાના નોડલ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ઝાલોદના કુંઠી કાંસીયા ગામે રસ્તાની બાજુ પશુઓ ચરાવતા ત્રણ બાળકો ફોર વ્હીલ ચાલક અડફેટમાં એક બાળકનું મોત બેને ઈજાઓ

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના કુંઠી કંકાસીયા ગામે રસ્તાની બાજુમાં પશુ ચરાવી રહેલ ત્રણ બાળકોને એક ક્રુઝર ફોર વીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ત્રણે બાળકોને અડફેટમાં લીધા હતા જેને પગલે એક બાળકનું ગંભીર ઈજાને પગલે મોત નિપજયાનું જાણવા મળે છે જયારે અન્ય બે ઈજાગ્રસ્ત બાળકોને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.ગત તારીખ ૧ ઓગસ્ટના રોજ ઝાલોદ તાલુકાના ખરસાણા ગામે રહેતા ત્રણ બાળકો જેમાં ખુશીબેન મુકેશભાઈ, શિવરાજભાઈ મુકેશભાઈ તથા મનિષાબેન દિલીપભાઈ ભાભોર આ ત્રણે બાળકો કુંઠી કંકાસીયાથી ઝાલોદ આવતા રોડ ઉપર બકરા ચરાવવા માટે રોડવાળા ખેતર બાજુ જતા હતા. આ દરમિયાન એક ક્રુઝર ફોર વીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વીલર ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ઉપરોક્ત ત્રણેય બાળકોને અડફેટમાં લીધા હતા અને જોશભેર ટકકર મારી હતી જેને પગલે ખુશીબેનને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતાં તેમનું મોત નિપજ્યું હતું જયારે અન્ય બે ઈજાગ્રસ્ત બાળકોને પણ શરીરે ઈજાઓ પહોંચતા તેમને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે જયારે અકસ્માત સર્જનાર ક્રુઝર ફોર વ્હીલ ગાડીનો ચાલક પોતાના કબજાની ગાડી સ્થળ પર મુકી નાસી ગયો હોવાનું જાણવા મળી રહ્યું છે.આ સંબંધે ઝાલોદ તાલુકાના ખરસાણા ગામે તળાવ ફળિયામાં રહેતા કલજીભાઈ મેતીયાભાઈ ચારેલે ઝાલોદ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ફરાર ફોર વીલર ગાડીના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બોર્ડ દ્વારા યોજાનારી વિવિધ પરીક્ષાને પગલે પરીક્ષા કેન્દ્રો પાસે આવેલા ઝેરોક્સ, કોપીયર મશીન બંધ રાખવા માટે આદેશ

દાહોદ,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ, બોર્ડ ગાંધીનગર દ્વારા આગામી તા. ૬ ઓગસ્ટના રોજ લેવાનારી ગુજકેટ –૨૦૨૧ પરીક્ષાઓને પગલે દાહોદના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એ.બી. પાંડોર દ્વારા જાહેરનામા દ્વારા કેટલાક પ્રતિબંધક આદેશો જારી કરવામાં આવ્યા છે. જાહેરનામામાં પરીક્ષા કેન્દ્રો પાસે સો મિટરની ત્રિજ્યામાં આવેલા ઝેરોક્સ, કોપીયર મશીન આગામી તા. ૬ ઓગસ્ટ, ૨૦૨૧ના રોજ સવારના ૯ વાગ્યાથી સાંજના ૧૭ વાગ્યા સુધી બંધ રાખવા માટે આદેશ કરવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્રના ૧૦૦ મીટરના વિસ્તારમાં ઉક્ત હુકમનો અમલ કરવાનો રહેશે.

ઉપરાંત પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓ મોબાઈલ ફોન કે કોઈ પણ ઈલેક્ટ્રોનિક્સ સાધનો કે પ્રત્યાંચનના સાધનો લાવી શકશે નહી. પરીક્ષા કેન્દ્ર આસપાસ સવારના ૯ થી ૧૭ વાગ્યા દરમિયાન માઈક વગાડી શકાશે નહી.

## દેશના મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના કેટલાક કલાકારોએ બહુરૂપીની કલાને આજીવિકા માટે જીવંત રાખી

જયારે ટી.વી યુગ કે મનોરંજન ક્ષેત્રમાં હાલના જેટલો વિકસિત સમય નહોતો ત્યારે ભવાઈ, નાટક, જાદુના ખેલ, મીની સર્કસ, કઠ પૂતળી, નાટકો જેવા ખેલ ગ્રામ્ય વિસ્તારોમાં મનોરંજનની સાથે સાથે કલાકારોની આજીવિકા માટે એક હાથ વગુ અને ઉત્તમ સાધન હતું. આવીજ રીતે બહુરૂપીનો ખેલ પણ અદ્દભૂત ગ્રામ્ય વિસ્તારોમાં કોઈક કોઈક ઠેકાણે બહુરૂપી આજે પણ તે સમયની એક કળાને ભજવે છે. રોજ અલગ અલગ પાત્રોની વેશભૂષાને આબેહૂબ ધારણ કરીને પ્રજાને સસ્તું અને સરળ મનોરંજન પીરસવાનું અને તેના થકી પોતાના પરિવારનું ગુજરાન ચલાવવાનું મદય પ્રદેશ અને મહારાષ્ટ્રના કેટલાક પરિવારો આજે પણ આ લુપ્ત થતા કસબને જાળવી રાખ્યો છે.

## ઝાલોદના નવાધરા ગામેથી બાઈકની ચોરી

ઝાલોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના નવાધરા ગામેથી ઘરના આંગણે લોક મારી પાર્ક કરેલ એક મોટરસાયકલની ઉઠાંતરી થયાનું જાણવા મળે છે.ગત તારીખ ૨૧મી જુલાઈના રોજ નવાધરા ગામે ડુંગરી ફળિયામાં રહેતા ચીમનભાઈ રૂપાભાઈ ડામોરે પોતાની મોટરસાયકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. ત્યારે રાત્રિના કોઈપણ સમયે અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચીમનભાઈની મોટર સાયકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતા આ સંબંધે ચીમનભાઈ રૂપાભાઈ ડામોરે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## દાહોદ જીલ્લા ટ્રક એસોશીએશન દ્વારા ડીઝલ ભાવ વધારાના વિરોધમાં અચોક્કસ મુદ્દત હડતાલ પર

દાહોદ,

સમગ્ર દેશમાં વધતા જતા પેટ્રોલ ડીઝલના ભાવના કારણે સૌ કોઈ હેરાન પરેશાન છે. ત્યારે આજરોજ દાહોદ જિલ્લાના ટ્રક એસોસિયેશન દ્વારા ડીઝલના વધતા ભાવોના વિરોધમાં અચોક્કસ મુદતની હડતાળ પર ઉતર્યાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ જિલ્લામાં ટ્રક એસોસિયેશન આજથી અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી ગયા છે. જાણવા મળ્યા અનુસાર, ડીઝલના ભાવોમાં વધારો થયો છે. ત્યારે વેપારીઓ દ્વારા ભાડાના વધારતા ટ્રક એસોસિયેશન દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. આજ આ ટ્રક એસોસિયેશનની અચોક્કસ મુદતની હડતાળના પગલે આગામી દિવસોમાં દાહોદના વેપાર ધંધા ઉપર ટ્રક એસોસીએશનની હડતાલના પગલે ટ્રાન્સપોર્ટેશન બંધ થવાના કારણે ખાસ્સી અસર પણ સર્જાઈ શકે તેમ છે આજથી શરૂ થયેલા અચોક્કસ મુદ્દતની હડતાલ ચાર સુધી ચાલુ રહેશે તે જોવાનું રહ્યું અને તેની વેપાર ધંધા ઉપર કેવા પ્રકારની અસરો પડશે તે તો આવનાર સમય કહેશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 292

## MLAના દીકરાને કોઈ ફરિયાદ કરે તેને તડીપાર કરવાના ? તમે રજવાડું ચલાવો છો ? : હાઈકોર્ટ

# ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજીને કોર્ટની નોટિસ વહીવટી તંત્ર લોકોનું હિતરક્ષક છે કે સ્થાનિક ધારાસભ્યનું?: કોર્ટનો રાજ્ય સરકારને સવાલ

ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજીના પુત્રને એક વ્યક્તિએ ફોન કરી ફરિયાદ કરી હતી કે અમારા મતથી ચૂંટણી જીત્યા પછી અમારાં ગામના કામ શા માટે નથી થતા ? કામ નહીં થાય તો મારી નાખવાની ધમકી પણ આ વ્યક્તિએ ધારાસભ્યના પુત્રને આપી હતી. આ અંગે નોંધાયેલી પોલી,સ ફરિયાદના આધારે ગોધરાના ડેપ્યુટી કલેક્ટરે આ આરોપીને સાત જિલ્લામાંથી તડીપાર કર્યો છે અને આણંદ જિલ્લો ડેપ્યુટી કલેકટરના તડીપારની સત્તાના હુકૂમતક્ષેત્રમાં ન આવતો હોવા છતાં તેમાંથી પણ તડીપાર કરતા આજે હાઈકોર્ટે વહીવટી તંત્રની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી છે. હાઈકોર્ટે રાજ્ય સરકારને મૌખિક ટકોર કરતા કહ્યું હતું કે કોઈ જનપ્રતિનિધિના દીકરાને કામોનો હિસાબ માગી ફરિયાદ કરે તો તેને તડીપાર કરી દેવાનો ? તમે કો રજવાડું ચલાવો છો? આ પ્રકારની કાર્યવાહી યોગ્ય છે કે નહીં તેની સ્પષ્ટતા કરવા હાઈકોર્ટે ભાજપ ધારાસભ્ય સી.કે. રાઉલજીને જવાબ રજૂ કરવા નિર્દેશ કર્યો છે અને આ કેસમાં તેમને પ્રતિવાદી તરીકે સામેલ કર્યા છે. આ કેસના આરોપીએ ધારાસભ્ય સી.કે. રાઉલજીના પુત્ર માલવદીપસિંહને ફોન કરી ગામના કામ ન થતી હોવાની ફરિયાદ કરી મારી નાખવાની ધમકી અને અપશબ્દો બોલવા બદલ આરોપી સામે જૂન–૨૦૨૧માં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. જેને આધાર બનાવી ડેપ્યુટી કલેકટરે તેને સાત જિલ્લામાંથી તડીપાર કરતો આદેશ કર્યો હતો. આ આદેશને પડકારતી પિટિશન ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આવી હતી. જેમાં રાજ્ય સરકારે ફરિયાદીના બચાવમાં આજે રજૂઆત કરી હતી કે કામ શા માટે નથી થતાં તેવી ફરિયાદ તો આરોપીએ ફોન પર કરી જ છે પરંતુ જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી છે.

જેથી જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે કહ્યું હતું કે, જાનથી મારી નાંખવાની ધમકી આપી છે અને આઈ.પી.સી.ની કલમ–૩૦૭નો કેસ છે તો તેને જેલમાં રાખો ને. આવી ધમકી આપાનારી વ્યક્તિને જેમાં રાખો તો કોર્ટ પણ સહમત છે પરંતુ ધારાસભ્યના પુત્ર સાથે આવી રીતે વાત કરાનારાંને તડીપાર કરવાની સત્તા ડેપ્યુટી કલેક્ટરને કોણે આપી ? આરોપીએ ફોન પર ધમકી આપી છે. તો તડીપાર થઈને તે બીજા જિલ્લામાંથી ધમકી નહીં આપે ? કે પછી તંત્ર એવો સ્પષ્ટ મેસેજ લોકો સુધી પહોંચાડવા માગે છે કે ધારાસભ્યના પુત્રને સવાલ કરશો કે અમારાં કામ શા માટે નથી થતાં તો તડીપાર થશો. આ અધિકારીને સમન્સ આપવામાં આવે છે અને તેની પાસેથી સોગંદનામાં સ્વરૂપે જવાબ માગવામાં આવે છે. આગામી સુનાવણી સુધી તડીપારનો આદેશ પર સ્ટે ફરમાવવામાં આવે છે.જસ્ટિસ પરેશ ઉપાધ્યાયે વધુ મૌખિક ટકોર કરતા કહ્યું હતું કે, આવું નહીં ચલાવી લેવાય. આપણે રજવાડાં નથી ચલાવી રહ્યા. આ ભારતીય ગણતંત્ર છે. આ પ્રજાતંત્ર છે કે જ્યાં એક નાગરિક પ્રશ્ન પણ ન પૂછી શકે અને પ્રશ્ન પૂછે તો તેને તડીપાર કરવામાં આવે છે. આણંદમાં આ ડેપ્યુટી કલેકટરન સત્તા ન હોવા છતાં તેને આણંદમાંથી પણ તડીપાર કરાયો છે. આ કેસમાં સંબંધિત ધારાસભ્ય સી.કે. રાઉલજીને પણ પ્રતિવાદી તરીકે જોડવામાં આવે છે. તેમને કે તેમના પરિવારજનને કોઈ નાગરિક ફોન કરી ફરિયાદ કરે કે અમારાં કામ શા માટે થતાં નથી તો તમારે પોલીસ ફરિયાદ કરવાની અને તે ફરિયાદના આધારે ડેપ્યુટી કલેકટર તડીપારનો આદેશ પણ કરી દે છે. પોલીસ ફરિયાદ અને તડીપારના આદેશની પ્રક્રિયા યોગ્ય છે કે નહીં તે અંગે ધારાસભ્ય જવાબ રજૂ કરે.

જસ્ટિસ ઉપાધ્યાયે નોંધ્યું છે કે, તડીપારનો આદેશ ત્રણ ફરિયાદ છે. જેમાંથી એક ફરિયાદ ૨૦૧૭ની અની બીજી ૨૦૧૯ની છે. ડેપ્યુટી કપલેકટર દ્વારા તડીપારનો આદેશ કરવામાં આવ્યો છે તેનો આધાર ધારાસભ્યના પુત્ર દ્વારા નોંધાવવામાં આવેલી પોલીસ ફરિયાદ છે. જેમાં આરોપીએ ધારાસભ્યના પુત્રને ફોન કરીને કહ્યું હતું કે, તમે અમારાં મતથી ચૂંટાયા છો અને અમારાં કામ શા માટે થતાં નથી. આ મુદ્દે થયેલી ઉગ્ર બોલાચાલી અને દલીલનાની ફરિયાદના આધારે આરોપીને સાત જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યો છે જેમાંઆણંદમાંથી તડીપાર કરવાની સત્તા ન હોવા છતાં ત્યાંથી પણ તેને તડીપાર કરવામાં આવ્યો છે.

### ગોધરા ના ધારાસભ્ય સી.કે.રાઉલજી ને હાઈકોર્ટ ની ફટકાર મામલે ધારાસભ્ય સી.કે.રાઉલજીનો ખુલાસો....

કોઈ પણ મતદારને મને રજુઆત કરવાનો પૂરો અધિકાર છે પરંતુ કોર્ટ દ્વારા હજુ મારી રજુઆત સાંભળવા માં નથી આવી જ્યારે મને કોર્ટ સાંભળશે ત્યારે મારી રજુઆત હું મારી રીતે કરીશ.પ્રવીણ ગઢવી નામના શખ્સ દ્વારા ધારાસભ્ય સી.કેરાઉલજી ને ફોન પર ધમકી મામલે એસડીએમ દ્વારા પ્રવીણ ગઢવી ને તડીપાર કરવામાં આવ્યા હતા. પ્રવિણ ગઢવીએ તડીપારના હુકમ સામે સ્ટે મેળવવા હાઈકોર્ટમાં કરી છે. અપીલ હાઈકોર્ટમાં કરવામાં આવેલી અપીલ બાબતે સુનાવણી દરમિયાન હાઈકોર્ટે ગોધરાના ધારાસભ્ય અને એસ ડી એમની કાઢી હતી. ઝાટકણી આગામી ૧૩મી તારીખે સી.કે.રાઉલજીને હાઈકોર્ટે હાજર રહેવા કર્યો હુકમ છે.

## હાલોલ નગરપાલિકા ખાતે રાજ્યકક્ષા મંત્રી ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષસ્થાને વિનામૂલ્યે અન્ન વિતરણ કાર્યક્રમ યોજાયો



ગોધરા,

સુશાસન ઉજવણીના શ્રેણીબંધ કાર્યક્રમો પૈકી આજે પંચમહાલ જિલ્લામાં જરૂરિયાતમંદ પરિવારોને અન્ન વિતરણના શ્રેણીબદ્ધ કાર્યક્રમ યોજાયા હતા. હાલોલ નગરપાલિકા હોલ ખાતે સહકાર રાજ્યકક્ષા મંત્રી ઈશ્વરસિંહ પટેલના અધ્યક્ષસ્થાને લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત વિનામૂલ્યે અનાજ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ સાથે જ જિલ્લાના ૩૭૯ જેટલા એફ.પી.એસ. કેન્દ્રો પરથી લાભાર્થીઓને વિના મુલ્યે અનાજ વિતરણનો પણ શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે જે દેશમાં કોઈ અતિથી, કોઈ મુલાકાતીને ઘરેથી ભૂખ્યો ન જવા દેવાની ઉજ્જ્વળ પરંપરા છે તેને અનુસરતા દરેક જરૂરિયાતમંદ નાગરિકને અન્ન સલામતી પૂરી પાડવાના નિર્ધાર સાથે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત રાજ્યભરમાં ૧૭,૦૦૦ સ્થળોએ વિનામૂલ્યે અન્ન વિતરણનો દેશમાં આ સૌપ્રથમ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. એન.એફ.એસ.એ. અંતર્ગત કરવામાં આવેલી વ્યવસ્થા અંગે વાત કરતાં મંત્રીએ જણાવ્યું હતું કે દિવ્યાંગો, ગંગા સ્વરૂપા મહિલાઓ, નિરાધાર વૃદ્ધો જેવા કોઈ પણ જરૂરિયાતમંદ લોકો રાત્રે ભુખ્યા ન સૂવે તેની દરકાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળ સરકારે કરી છે. ડી.બી.ટી દ્વારા વચેટીયાઓ નાબુદ થતાં લાભાર્થીને સીધો જ લાભ ઉપલબ્ધ બનતો થયો છે. વર્ષોથી કરવામાં આવતા અનાજ વિતરણમાં ઉઠેલી અનેક ફરિયાદો દૂર કરી જરૂરિયાતમંદ લોકોને તેના અધિકારનું અનાજ સમયસર મળી રહે તે પ્રકારની પારદર્શક વ્યવસ્થા સરકારે ઉભી કરી છે જનસુખાકારીની નેમ જેના હૈયે વસેલી છે તેવી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને ઉપમુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની આગેવાનીવાળી રાજ્ય સરકારના પાંચ વર્ષ નિમિત્તે ઉજવણી નથી કરાઈ રહી પરંતુ પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓ અને લાભો અંતર્ગત મહત્તમ લોકોને આવરી શકાય તે માટે આ પ્રકારના સેવાકાર્યો યોજાઈ રહ્યા છે. તેમ પટેલે ઉમેર્યું હતું. કોરોના દરમિયાન સરકારએ કરેલી કામગીરી વિશે વાત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, આટલી વિશાળ વસ્તી હોવા છતા વિશ્વના અનેક દેશોની તુલનામાં આપણા દેશમાં કોરાનાનો પ્રભાવ ન્યૂનત્તમ રાખવામાં સરકારના પ્રયાસો સફળ રહ્યા છે. અનેક વિકાસ કાર્યો સાથે દરેક વર્ગનું ધ્યાન રાખી ગુજરાત મૉડેલ રાજ્યનું સ્થાન પ્રાપ્ત કરી દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે તેમ મંત્રીએ ઉમેર્યું હતું. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા તેમજ પ્રધાનમંત્રીએ આ યોજનાના વિવિધ લાભાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. અન્નોત્સવ પ્રસંગે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના દાહોદ ખાતેના કાર્યક્રમનું જીવંત પ્રસારણ રજૂ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે હાલોલ ખાતે મહાનુભાવોના હસ્તે પ્રતીકરૂપે ૨૦ લાભાર્થીઓને રાશનકીટ અર્પણ કરાઈ હતી. આ સાથે જ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વિનામૂલ્યે અન્ન વિતરણનો પણ શુભારંભ થયો હતો, જે અંતર્ગત જિલ્લાની ૩૭૯ વાજબી ભાવની દુકાન પૈકી પ્રત્યેક દુકાન પરથી લાભાર્થીઓને પ્રતિ વ્યક્તિ ૩.૫ કિ.ગ્રા ઘઉં તથા ૧.૫ કિ.ગ્રા ચોખા મળી કુલ ૦૫ કિ.ગ્રા. અનાજનો જથ્થો વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, પોલિસ અધિક્ષક ડો. લીના પાટિલ સહિતના વરિષ્ઠ અધિકારીઓ તેમજ જિલ્લા અગ્રણી સંયુકતા મોદી, તાલુકા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ સહિતના સ્થાનિક આગેવાનો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શહેરા તાલુકાના યુવાન ઉપર નોંધાયેલ બળત્કારની ફરિયાદમાં આગોતરા જામીન મેળવી પોલીસ મથકે હાજર થયો

શહેરા,

શહેરા તાલુકાના યુવાને એક યુવતી પર બળાત્કાર કર્યો હોવાની ફરિયાદ પોલીસ મથક ખાતે નોંધાઈ હતી. પોલીસ મથક ખાતે ૨૯ દિવસ બાદ આરોપી યુવાન હાઈકોર્ટમાંથી આગોતરા જામીન લઈને હાજર થયો હતો.શહેરા તાલુકાના પ્રજ્ઞેશ નામના યુવક રાત્રી દરમિયાન યુવતીના ઘર પહોંચી ગયો હતો. યુવતી પોતાના પરિવારના સભ્યો સાથે સૂતી હતી.ત્યારે યુવાને યુવતીનું મોઢું દબાવી ને અને બે હાથ પકડીને યુવતીના ઘર થી થોડે દુર લઈ જઈને બળાત્કાર કર્યો હતો. આ બનેલા બનાવની હકીકત યુવતીએ પોતાના પરિવારજનો ને જણાવી હતી.જેને લઈને યુવતીના પરિવારજનો આ યુવાન સામે ફરિયાદ નોંધાવવા પોલીસ મથક ખાતે પહોંચી જઈને સમગ્ર બનેલા બનાવની હકિકત પોલીસ ઈન્સ્પેક્ટર ને જણાવી હતી. પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાયા બાદ આરોપી યુવાન પોલીસથી નાસતો ભાગતો હતો. જ્યારે પોલીસ મથક ખાતે ૨૯ દિવસ બાદ યુવાન હાઈકોર્ટમાંથી આગોતરા જામીન લઈને હાજર થતાં પોલીસે તપાસ સાથે જરૂરી કાર્યવાહી હાથધરી હતી. આ બનેલા બનાવ બાદ તાલુકા પંથકમાં ચર્ચાનો મુદ્દો બની જવા પામ્યો હતો. જેના પર બળાત્કારની ફરિયાદ નોંધાઈ હતી તે યુવાન શિક્ષિત હોવા સાથે સરકારી નોકરી કરતો હોવાનું પણ જાણવા મળેલ હતુ.સાથે યુવાન ની માતા પણ એક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે.

## ઘોઘંબાાન પરોલી ગામે મકાનની દિવાલ પડી સદ્દનસીબે જાનહાનિ ટળી



ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના પરોલી ગામ ડુંગરી ફળીયામાં મકાનની દિવાલ ધારાશાહી થઈ હતી. સદ્દનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી.વિસ્તૃત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના પરોલી ગામે ડુંગરી ફળીયામાં રહેતા બાબુભાઈ રણછોડભાઈ બારીયાના મકાનની દિવાલ ધારાશાહી થઈ હતી. દિવાલ પડી ત્યારે પરિવાર જમી પરવારની બહાર બેઠા હતા. જેને લઈ કોઈ વ્યકિતને ઈજાઓ થવા પામી ન હતી. પરંતુ દિવાલ પડવાથી ઘરવખરી તેમજ મકાનના પતરાનું નુકશાન થવા પામ્યું છે.

## પોલન બજાર ઉર્દૂ કન્યા શાળામાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ વિનામૂલ્યે અનાજ વિતરણ કરવામાં આવ્યું



ગોધરા,

આજ રોજ પોલન બજાર ઉર્દૂ કન્યા શાળામાં પ્રધાનમંત્રી ગરીબ યોજના હેઠળ વિનામૂલ્યે અનાજ વિતરણમાં આવ્યું. જેમાં એ.એ.બકકર અને નવયુગ સહકારી મંડળીના ગ્રાહકોને વિનુલ્યે અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.જેમાં એ.પી.એમ.સી. ચેરમેન રાજેશભાઈ ચૌહાણ, નગરપાલિકા ગોધરાના મુખ્ય અધિકારી સંજયભાઈ પટેલ, નગર પાલિકાસભ્ય તાહેરાબેન મોલવી (મેડમ માચા), મહેફુજભાઈ પટેલ, શાળનો સ્ટાફ ગણ, એસ.એમ.સી.સભ્યો હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે શાળાના મુખ્ય શિક્ષક મહેબૂબ વાઢેલે તમામ હાજર લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

## વેજલપુર કન્યા શાળા અને ઉર્દુ શાળા ખાતે પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો કાર્યક્રમ યોજાયો



વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામ મા આવેલ કન્યા શાળા અને ઉર્દુ પ્રાથમિક શાળા ખાતે પ્રધાન મંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત કાર્યક્રમ યોજાયો. જેમાં ગરીબ રેશન કાર્ડ ધારકો ને રાજ્યના રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વ્યક્તિ દીઠ ૩.૫ સાડા ત્રણ કિલો ઘઉ ૧.૫ દોઢ કિલો ચોખા નુ વ્યાજબી ભાવની દુકાન દારો પાસે થી રાશનની થેલીમાં વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં હાજર રહેલા મહેમાનોમાં માજી તાલુકા પ્રમુખ રશ્મિકાબેન પટેલ, માજી સરપંચ ભરતભાઈ નારાયણભાઈ પટેલ, માજી ડે. સરપંચ શિતુલભાઈ પટેલ હાલના તાલુકા પંચાયત સભ્ય સલીમભાઈ કઠિયા, ચિરાગભાઈ પટેલ, ગ્રામ પંચાયત સભ્યો તેમજ સ્કૂલ આચાર્યઓ અને સસ્તા અનાજના સંચાલકો હાજર રહી સ્થળ ઉપર વિના મૂલ્યે અનાજનું વિતરણ કરી પોગ્રામને સફળ બનાવ્યો હતો.

## હાલોલ તાલુકા આમ આદમી પાર્ટી દ્વારા પેટ્રોલ ડીઝલ અને જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારા બાબતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું




હાલોલ,

પેટ્રોલ ડીઝલનો ભાવ વધારો અને જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવ વધારા બાબતે હાલોલ તાલુકા આમ આદમી પાર્ટી દ્વારા સરકાર વિરૂદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું.તાલુકા પ્રમુખ વિશાલ જાદવ, જિલ્લા મહામંત્રી મુક્તિ જાદવ, જિલ્લા ઉપ પ્રમુખ હિંમતસિંહ પરમાર, શહેર પ્રમુખ અનિરૂદ્ધસિંહ સહિતના આગેવાનો સાથે જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆ, જિલ્લા સંગઠન મંત્રી દર્શન વ્યાસ, ઝોન કિસાન પ્રમુખ અરવિંદભાઈ માછી, જાંબુઘોડા તાલુકા પ્રમુખ જયેશ બારીઆ, દિનેશભાઈ ખ્રિસ્તી, રણજીતસિંહ ગઢવી, લક્ષ્મણસિંહ પરમાર, તારીકા સોની, હિતેશ સિંહ પરમાર, પ્રણવભાઈ પટેલ, રાજેશભાઈ, માનસિહ પરમાર સહિતના કાર્યકરો જોડાયા હતા.

## શહેરા તાલુકા પંચાયત વિરોધપક્ષના નેતાનો તડીપાર હાઈકોર્ટ હુકમને હાઈકોર્ટ હાલ પુરતો સ્ટે આપ્યો

શહેરા,

શહેરા તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતા જે.બી.સોલંકીને પ્રાંત કચેરી દ્વારા તડીપાર નો હુકમ કરવામાં આવ્યો હતો. જે મામલે જે.બી.સોલંકી દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવતા ગુજરાત હાઈકોર્ટ દ્વારા તડીપાર ના હુકમ સામે હાલ પૂરતો સ્ટે આપ્યો છે.શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના કોંગ્રેસના નેતા જે.બી.સોલંકીને પ્રાંત કચેરી દ્વારા ૬ જિલ્લામાંથી તડીપાર કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. જેને પગલે પ્રાંત કચેરી ખાતે તડીપારની સુનાવણીમા વિરોધ પક્ષના નેતાના વકીલ દ્વારા ધારદાર દલીલ પણ કરાઈ હતી. જે તે સમયે તડીપાર કરવાનો હુકમને લઈને જે.બી.સોલંકીના સમર્થકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો અને સાથે પ્રાન્ત કચેરી બહાર સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. જોકે જે.બી.સોલંકીને પંચમહાલ, મહીસાગર, દાહોદ, વડોદરા, ખેડા, સહિત ૬ જેટલા જિલ્લામાંથી તડીપાર કરવામાં આવ્યા હતા. આ મામલે જે.બી.સોલંકી એ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. જેની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા જે. બી.સોલંકીના તડીપારના હુકમ પર સ્ટે આપવામાં આવ્યો હતો. વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકીને હાઈકોર્ટ માંથી સ્ટે મળતા તેમના સમર્થકોમાં પણ ખુશી વ્યાપી ગઈ છે. પ્રાંત અધિકારી જય બારોટને આ મામલે આગામી દિવસમાં હાઈકોર્ટનું તેડું આવશે તેવી ચર્ચા ઠેર ઠેર ચાલી રહી હતી. વિરોધ પક્ષના નેતા જે.બી. સોલંકી પરત શહેરા તાલુકામાં આવનાર હોવાથી તેમના સમર્થકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવનાર છે.

મને તડીપાર ખોટી રીતે કરવામાં આવ્યો હતો. જેથી મેં હાઈકોર્ટમાં અપીલ કરતા મારા તડીપારના હુકમ પર સ્ટે મળી ગયો છે. મને પોલીસ પર અને હાઈકોર્ટ પર મને પૂરેપૂરો વિશ્વાસ હતો. પ્રાંત અધિકારી જય બારોટ એ મને ખોટી રીતે તડીપાર કર્યો છે. તેની તપાસ સાથે ન્યાય માટે હું ઉચ્ચકક્ષાએ તેમજ ગાંધીનગર ખાતે લેખિત અને મૌખિક રજૂઆત કરવાનો છું.

જે.બી.સોલંકી વિરોધ પક્ષના નેતા.....